MRF
MRF TYRE AND SERVICE FRANCHISE
શિવ મોટર્સ - બીલીમોરા
ITI ની સામે, કોલેજ રોડ, આંતલીયા, બીલીમોરા. મો. 98251 17044

વલસાડ પ્રદેશ સંદેશ
વલસાડ । વાપી । પારડી । ઉપોંઢા । સેલવાસ । દમણ । ભિલાડ । સંજાણ
રવિવાર, તા.૩-૦૮-૨૦૨૫ | વલસાડ : ૨૭, બી.ડી.સી.એ. શોપીંગ સેન્ટર, નગરપાલિકા પાર્કિંગ પ્લોટ સા નં.૧૩, જે. ટાવર, પ્રથમ માળ, ઈમરાન નગર, વાપી, મો : ૯૦૯૯૯ ૫૬૧૧૧

BLOSSOM industries limited

# બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ગામ જાની વાંકડ, નાની દમણ, દમણ-૩૯૬ ૨૧૦ (યુ.ટી.)
સીઆઈએન : U31200dd1989PLC003122
ઈ - મેલ : blossom@bildaman.com
વેબસાઈટ : https://blossombeverage.in
ફોન : (૦૨૬૦) ૬૬૮૭૮૦૦/૯૧૪૧૩૫૫૫૮૮

## ૩૬મી વાર્ષિક જનરલ મિટિંગ, રિમોટ ઈ-વોટિંગ માહિતી અને બુક ક્લોઝર નોટિસ

આથી આ નોટિસ આપવામાં આવે છે કે, બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સભ્યોની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા ('એજીએમ') શુક્રવાર, ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે માત્ર વિડીયો કોન્ફરન્સિંગ ('વીસી') સુવિધા / અન્ય દશ્ય શ્રાવ્ય માધ્યમ ('ઓએવીએમ')થી ૩૬મી એજીએમની નોટિસમાં દર્શાવેલ કામકાજને ચલાવવા યોજવામાં આવશે. આ ૩૬મી એજીએમની નોટિસ ૩૧મી જુલાઈ, ૨૦૨૫ના રોજ જે સભ્યોના ઈ-મેલ સરનામા કંપની અથવા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ અથવા ડિપોઝિટરીઝ પાસે તા. ૨૫મી જુલાઈ, ૨૦૨૫ સુધી રજિસ્ટર થયેલ છે તે જ સભ્યોને ફક્ત ઈલેક્ટ્રોનિક મોડથી મોકલી દેવામાં આવેલ છે.

બુક ક્લોઝર: કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૯૧ તથા તેની હેઠળ ઘડાયેલ નિયમોના અનુસંધાને, કંપનીના સભ્યોનું રજિસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક્સ શુક્રવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫થી શુક્રવાર, ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૫ સુધી, બંને દિવસો સહિત બંધ રહેશે.

ઈ-વોટિંગ: કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓ સહિત વંચાણે લેતા કંપનીઝ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦, તથા સમયાંતરે કરાયેલ સુધારાના અનુસંધાને, કંપની તેના સભ્યોને ૩૬મી એજીએમમાં કામકાજ ચલાવવા સંબંધે એજીએમ પહેલા તથા તે દરમિયાન રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડનાર છે તથા તે હેતુથી, કંપનીએ ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગની સુવિધા પૂરી પાડવા નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ને નિયુક્ત કરેલ છે.

જે સભ્યોના નામ સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) અને / અથવા નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) દ્વારા જાળવવામાં આવતા સભ્યોના રજિસ્ટર / બેનિફિશિયલ ઓનર્સની સૂચિમાં તા. શુક્રવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫, કટ-ઓફ તારીખના રોજ હોય, માત્ર, તેઓ જ આ એજીએમ પહેલા / દરમિયાન આ રિમોટ ઇ-વોટિંગ સુવિધા મેળવવા અધિકૃત રહેશે. બોર્ડ ઓફ ડિરેક્ટરે આ ઈ-વોટિંગ પ્રક્રિયા યોગ્ય અને પારદર્શી રીતે થાય તેના નિરીક્ષણ માટે શ્રી હેમાંશુ કાપડીયા, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની સ્ક્રુટિનાઇઝર તરીકે નિમણૂક કરેલ છે.

ઈ-વોટિંગ સમયપત્રકની વિગતો નીચે મુજબ છે:

૧. ઈ-વોટિંગના હેતુથી કટ-ઓફ તારીખ (જે રેકોર્ડ ડેટ છે): શુક્રવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫
૨. નોટિસ રવાનગી પૂર્ણ થવાની તારીખ: ગુરુવાર, ૩૧મી જુલાઈ, ૨૦૨૫
૩. ઈ-વોટિંગ પ્રારંભ તારીખ અને સમય: મંગળવાર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારના ૯.૦૦ કલાકે (ભા.મા.સ.)
૪. ઈ-વોટિંગ પૂર્ણાહુતિ તારીખ અને સમય: ગુરુવાર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સાંજના ૫.૦૦ કલાકે (ભા.મા.સ.)

જે વ્યક્તિ આ નોટિસ રવાનગી પછી શેર લીધેલ હોય અને કંપનીના સભ્ય થયેલ હોય તે નિર્ધારિત ૩૬મી એજીએમની નોટિસમાં દર્શાવેલ પ્રક્રિયા જે કંપનીની વેબસાઇટ https://www.blossombeverages.in/investors.html તથા એનએસડીએલની વેબસાઈટ https://www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે તે અનુસરીને લોગ-ઇન આઈડી અને પાસવર્ડ મેળવી શકશે. જો તમે તેમ છતાં પણ તમારા લોગ-ઇન આઈડી અને પાસવર્ડને પુન:સ્થાપિત કરી શકતા નથી તો તમારો ડિમેટ એકાઉન્ટ નંબર/ફોલિયો નંબર, તમારો પાન, તમારું નામ અને તમારા નોંધાયેલ સરનામાની વિગતો સહિત evoting@nsdl.co.in પર ઈ-મેલ કરો.

જે સભ્યોએ તેમના ઈ-મેલ સરનામા રજિસ્ટર કરાવેલ નથી અને આ ૩૬મો વાર્ષિક અહેવાલ મેળવવા ઇચ્છુક હોય તેમને નીચે આપેલ વિગતો/દસ્તાવેજો સહિત મેળવવાની અરજ શુક્રવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સાંજના ૫:૦૦ કલાક (ભા.મા.સ.) સુધી blossom@bildaman.com પર ઈ-મેલ કરવા સૂચિત કરવામાં આવે છે.

એ. જો ભૌતિકરૂપે શેર હોય તો, ભૌતિક શેરધારકોએ ફોલિયો નં., શેરધારકનું નામ, શેર સર્ટિફિકેટની સ્કેન કરેલ નકલ (આગળ અને પાછળ), પાન (પાન કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ), આધાર (આધાર કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ) મોકલવા.

બી. જો ડિમેટ રૂપે શેર હોય તો, કૃપા કરી ડીપીઆઈડી-સીએલઆઈડી (૧૬ અંકનો ડીપીઆઈડી+ સીએલઆઈડી અથવા ૧૬ અંકનો બેનિફિશિયરી આઈડી), નામ, ક્લાયન્ટ માસ્ટર અથવા કોન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાન કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ), આધાર (આધાર કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ) મોકલવા.

તમામ સભ્યોનું ધ્યાન દોરવામાં આવે છે કે :

ગુરુવાર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સાંજના ૫.૦૦ કલાક (ભા.મા.સ.) પછી રિમોટ ઈ-વોટિંગ કરવા દેવામાં આવશે નહીં.

સભ્યો રિમોટ ઈ-વોટિંગથી વોટ આપવાના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લઈ શકશે, પરંતુ તે ફરીથી વોટ આપી શકશે નહીં.

સભ્યો કટ-ઓફ તારીખ, શુક્રવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ માત્ર રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટે અધિકૃત રહેશે અથવા વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ઈ-વોટિંગ કરી શકશે.

કોઈ પણ પ્રશ્ન માટે, તમે www.evoting.nsdl.comના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ શેરધારકો માટેના ફ્રિક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન્સ (એફએક્યૂઝ) તથા શેરધારકો માટેના ઈ-વોટિંગ યૂઝર મેન્યૂઅલ વાંચો અથવા ટોલ-ફ્રી નં. ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર ફોન કરો અથવા શ્રી સુકેથ શેટ્ટીને evoting@nsdl.com પર ઇ-મેલ કરો અથવા શ્રી ભરત ગોપલાની, સિ. મેનેજર-એકાઉન્ટ્સ એન્ડ ફાઇનાન્સ, બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ગામ જાની વાંકડ, નાની દમણ, દમણ - ૩૯૬૨૧૦ (યૂ.ટી.)ને ૦૨૬૦-૬૬૮૭૮૦૦ પર ફોન કરો અથવા blossom@bildaman.com પર ઈ-મેલ કરો. જે સભ્યો આ એજીએમમાં ભાગ લેવા મિટિંગ પહેલા / દરમિયાન ટેક્નિકલ સહયોગ મેળવવા ઇચ્છતા હોય તે ઉપર દર્શાવેલ એનએસડીએલની વિગતો મુજબ સંપર્ક કરી શકે છે.

સ્થળ : દમણ
તારીખ : ૧લી ઓગસ્ટ, ૨૦૨૫

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમથી
બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/- અમિત એ. ખેમાની
મેનેજિંગ ડિરેક્ટર
ડીઆઈએન : ૦૦૦૫૭૨૮૩
સરનામું : ફ્લેટ નં. ૩૦૧, પાંચમો માળ, મોન્ટિસેલો બિલ્ડિંગ, બુલક રોડ, બેન્ડસ્ટેન્ડ, બાન્દ્રા પશ્ચિમ, મુંબઈ